# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-02-2025 Day: Tuesday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## ગાંધીધામ સ્થાપના દિવસ:

**કચ્છની આર્થિક રાજધાની ગણાતા ગાંધીધામ શહેરનો આવતીકાલે સ્થાપના દિવસ છે. મહાનગરપાલિકા દ્વારા ઝંડાચોક ખાતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે આદિપુરમાં ભાઈપ્રતાપ દિયલદાસની સમાધિ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે અને ત્યાર બાદ કેક કાપીને સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે. સ્થાપના દિવસ પ્રસંગે સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન એસઆરસી દ્વારા શહેરના સ્થાપક ભાઇપ્રતાપની સ્મૃતિમાં ભાઇ પ્રતાપ મેમોરિયલ હોલનું ઉદ્દઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે સિંધોલોજી દ્વારા સિંધી ભાષામાં ગીતો રજુ કરાશે.**

**ગાંધીધામના સ્થાપના દિન પ્રસંગે થનારી વિવિધ ઉજવણીમાં જિલ્લા કલેકટર અને મહાનગરપાલિકાના વહીવટદાર અમિત અરોરા સહીત શહેરના અગ્રણીઓ , ઉદ્યોગપતિઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે.**

---

## જીલ્લા જળ વિભાગ-બેઠક:

**જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની આજે જિલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં વાસ્મો તથા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા રજૂ કરાયેલી યોજનાઓને બહાલી અપાઇ હતી. બેઠકમાં અગાઉ મંજૂર થયેલી યોજનાઓ પૈકીની યોજનાને સુધારા મંજૂરી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સિવિલ તથા યાંત્રિક વિભાગ દ્વારા તૈયાર કરાયેલી યોજનાઓને સૈધ્ધાંતિક બહાલી આપવામાં આવી હતી.**

**બેઠકમાં જિલ્લા કલેકટરે યોજનાઓના સંદર્ભમાં જરૂરી માર્ગદર્શન સાથે સંલગ્ન બાબતોની ચર્ચા કરી હતી. બેઠકમાં ડીડીઓ સહિત પાણી પુવરઠા બોર્ડ, વાસ્મો અને વિવિધ વીભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

---

<u>કચ્છ-ભૂકંપના આંચકા:</u>

**વર્ષ 2001ના ભૂકંપ બાદ કચ્છમાં સમયાંતરે હળવા ભૂકંપનો સિલસિલો યથાવત રહ્યો છે. સાંભળીએ એક વિશેષ અહેવાલ...**

*(વોઇસ કાસ્ટ: પરેશ મારૂ)*

*કચ્છ જિલ્લામાં શિયાળાની ઋતુના સમયગાળા દરમિયાન ભૂકંપના આંચકાઓની સંખ્યામાં વધારો જોવા મળે છે. આજે સવારે 9 અને 54 મિનિટે ભચાઉના એકલ માતાજી મંદિર નજીક 2.9ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરીમાં નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી 27 કિલોમીટર દૂર આવેલું છે. આ પહેલા , ગઈકાલે વહેલી સવારે રાપર નજીક 3.1ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જોકે બંને આંચકાની તીવ્રતા માધ્યમ કક્ષાની હોવાથી સ્થાનિક લોકોને કોઈ અસર જણાઈ નથી. જાન્યુઆરી 2025થી અત્યાર સુધી કચ્છમાં 6 ભૂકંપના નોંધાઇ ચૂક્યા છે. કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયરમેન્ટ સાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવેલા એક સંશોધન અનુસાર દક્ષિણ વાગડ ફોલ્ટ લાઈન અને કચ્છ મેઈન ફોલ્ટ લાઈનનો વાગડ વિસ્તારમાં સંગમ થાય છે. જેના કારણે રાપર અને ભચાઉ જેવા વિસ્તારોમાં વારંવાર ભૂકંપના આંચકાઓ અનુભવાઇ રહ્યા છે.*

---

<u>પ્રાગપર-જમીન અતિક્રમણ:</u>

**મુન્દ્રા તાલુકાના પ્રાગપર-1 વિસ્તારમાં સરકારી જમીન પરથી અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં 1 હજાર 113 ચોરસ મીટર સરકારી જમીન પર દબાણકર્તા દ્વારા પાકી હોટલનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ જમીનની બજાર કિંમત આશરે 12 લાખ 53 હજાર 238 રૂપિયા આંકવામાં આવી**

છે. મુંદરાના મામલતદારે દબાણ દૂર કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમના પગલે દબાણકર્તાએ સ્વેચ્છાએ હોટલનું બાંધકામ તોડી પાડ્યું હતું અને સરકારી જમીન ખાલી કરી હતી.

---------------------------------------------------------------------------------------------------

હવામાન:

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન સામાન્યથી નજીક રહ્યું હતું. હાલ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઇ રહ્યો છે. આજે વહેલી સવારે પશ્ચિમ કચ્છના કેટલાક વિસ્તારમાં ઝાકળીયો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે આજે દિવસ દરમિયાન મંદ પવનોના કારણે નહીં ઠંડી અને નહીં ગરમીનો લોકોએ અનુભવ કર્યો હતો.

આજે અબડાસાના મુખ્ય મથક નલિયામાં લઘુત્તમ તાપમાન 12 ડિગ્રી જ્યારે ભુજમાં 16.7 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ ગુજરાતનું વાતાવરણ શુષ્ક રહેશે આ ઉપરાંત લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થવાની શક્યતાઓ નહિવત છે.

---------------------------------------------------------------------------------------------------

રાપર-સાયબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમ:

બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારની સૂચના અનુસાર રાપર પોલીસે એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. રાપર પીઆઇ જે.બી.બુબડીયાના માર્ગદર્શન હેઠળ રાપર સરસ્વતી કન્યા છાત્રાલયમાં વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પોલીસ કર્મચારીઓએ વિદ્યાર્થિનીઓને સાયબર ક્રાઇમ , ગુડ ટચ-બેડ ટચ અને સાયબર સુરક્ષા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ધોરણ 9થી 12ની વિદ્યાર્થિનીઓને કોઈપણ સમસ્યા માટે મહિલા પોલીસનો સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. સાથે જ ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને અકસ્માત નિવારણ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.